ક્રમાંક:ઘ/માધ્ય/૨૦૦૬/૩૯૭૦-૯૫
કમિશ્નર,મ.ભો.યો.અને શાળાઓની કચેરી,
બ્લોક નં.૯,ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.,ગાંધીનગર. તા.૨/૩/૨૦૦૬.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જૂનાગઢ,જિ.જૂનાગઢ.

વિષય:- <u>શૈક્ષણિક કર્મચારીઓને નિવૃત્તિ સમયે ૩૦૦ અર્ધપગારીની મર્યાદા રોકડમાં રુપાંતર અંગે.</u>

ઉપરોકત બાબતે આપની તા.૧૯/૧/૦૬ની રજુઆત અન્વયે જણાવવાનું કે, રાજ્યની તમામ સરકારી/બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને જમા પ્રાપ્ત રજા/અર્ધપગારી રજાનું નિવૃત્તિ સમયે રોકડમાં રુપાંતર કરવા અંગેની જોગવાઈ નાણાં વિભાગના તા.૨૬/૩/૯૧ના ઠરાવ ક્રમાંક એલવીઈ/૧૦૯૦/(ડી-૩૦)/૫ થી કરવામાં આવી છે.ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો ૧૯૯૮ અનુસંધાને નાણાં વિભાગના તા.૧૬/૭/૯૯ના ઠરાવ ક્રમાંક એલવીઈ/૧૦૯૮/૧૦૨૪/૫ થી રજાની મહત્તમ મર્યાદામાં સુધારો કરીને ૩૦૦ દિવસની કરવામાં આવી છે.

સદર ઠરાવની નકલ આ સાથે મોકલી આપેલ છે.નાણાં વિભાગનાં ઠરાવ સ્વયં સ્પષ્ટ છે.જે અનુસંધાને શિક્ષણ વિભાગદ્વારા ક્રમાંક:બમશ/૧૩૯૬/૪૨૫૬/ગ તા.૨૩/૮/૦૩ ઠરાવથી ગુજરાતમાધ્યમિક શિક્ષણવિનિયમો-૧૯૭૪માં વિનિયમ ક્રમાંક:૩૦(૭)(ખ)(૧)દાખલ થયેલ જે સચિવશ્રી,ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના ક્રમાંક:મિશબ/ગ/ટ/૬/૧૬૭૨૬/૮૧૬,તારીખ ૧૨/૧૦/૦૪ વાળાથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જાણ કરી છે,નાણાં વિભાગનાં તા.૧૬/૭/૯૯ મુજબ શિક્ષકોને ૩૦૦ અર્ધપગારી રજાની મર્યાદામાં <u>નિવૃત્તિ સમયે રોકડ રુપાંતર મળવાપાત્ર થાય છે.ઓડીટનું અર્થઘટન નાણાં વિભાગની તા.૧૬/૭/૯૯ની જોગવાઈ મુજબ હોઈ તે પ્રમાણે કાર્યવાહી કરવાની રહેછે.</u>

સહી/- અવાચ્ય
નાયબ શિક્ષણ નિયામક(માધ્ય)
ગુ.રા.,ગાંધીનગર.

<u>નકલ જાણ સારું તથા જરુરી કાર્યવાહી સારુ:-</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ

૨/- નાણાં વિભાગનાં તા.૧૬/૭/૯૯ના ઠરાવ આ કચેરીનાં શેરાક્રમાંક:અનઠ-૨/બમશ/માધ્ય/પ/રજા/૯૯-૦૦/૧૬૪૦૯-૩૪,તા.૪/૧૦/૯૯વાળાથી મોકલાવેલ છે.

ક્રમાંક:પેન્શન/ક-૪/૦૬/ ૭૮૨૬ થી ૮૧૪૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વઢવાણનો ઉતારો,રાજકોટ.
તા.૧૪/૩/૨૦૦૬.

ઉકત પત્રથી થયેલ સુચનાનો તુરત અમલ કરવો તેમજ આ કચેરી ખાતે પડતર બીલોમાં જો સુધારો જરુરી હોય તો પરત મેળવીને સુધારા સાથે રજુ કરવા આપની કૃપા આપવામાં આવે છે.

પ્રતિ,
આચાર્યશ્રી/આચાર્યશ્રી,
તમામ સરકારી/ગ્રાન્ટેડ માધ્ય.શાળાઓ,
રાજકોટ જીલ્લો.

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ.

/પીએ સજે/